ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૪/૨૩-૨૪/ 79 તારીખ : 01 FEB 2024

**આર.પી.એ.ડી.**

**પ્રતિ,**
**શ્રી સોલંકી રાઘવભાઈ બચુભાઈ,**
કોંજળી રોડ, ડીહાઈડ્રેશન સામે,
મું.કાળેલા, તા.મહુવા,
જી.ભાવનગર.

કેસ નં.૬૪/૨૩-૨૪

મો.નં- ૯૫૧૦૧૧૦૪૩૬

**વિષય : નોર્મલ વારા મુજબનું નવું ખેતીવાડી કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૫/૧૨/૨૦૨૩ જે અત્રેની કચેરીને મળ્યા તા.૨૭/૧૨/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૨૩-૨૪/૧૬૨૮ તા.૨૮૧૨/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૨૩-૨૪/૧૬૩૨ તા.૨૯/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૧/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧,મહુવા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૪/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી સોલંકી રાઘવભાઈ બચુભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૧/૦૧/૨૦૨૪** ◈

હાજર રહયા વાદી :– **શ્રી સોલંકી રાઘવભાઈ બચુભાઈ (વાદી પોતે)**
પ્રતિવાદી :– **શ્રી એચ.પી.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સોલંકી રાઘવભાઈ બચુભાઈ, મું.કાળેલા, તા.મહુવા, જી.ભાવનગરની નોર્મલ વારા મુજબનું નવું ખેતીવાડી કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૪/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૪/૨૩–૨૪/૧૬૨૮ તા.૨૮/૧૨/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૦૧/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી સોલંકી રાઘવભાઈ બચુભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ગામ કાળેલાએ કોંજળી રોડ, ડીહાયડ્રેશન સામે ખેતીવાડી ધરાવે છે. ખેતીવાડીમાં મોટરના વીજ કનેકશન માટે તેઓ દ્વારા વીજ કચેરી મહુવા રૂરલ–૧ માં તા.૦૬/૦૪/૨૦૨૩ ના રૂા.૨૩૬/– પહોંચ નં–૫૬૬૫૮૪ થી રજીસ્ટ્રેશન ચાર્જ ભરેલ છે. ક્રમ પ્રમાણે વારો આવવાથી મહુવા રૂરલ–૧ માંથી કર્મચારી સર્વે મોજણી કરવા આપેલ ત્યારે મારી ખેતીવાડીમાં કુવા ઉપર મેં અગાઉ પાંચ વર્ષ પહેલા સોલાર ઉર્જા પંપ પીજીવીસીએલ ની સ્કીમમાં મેળવેલ તે કંપની દ્વારા ફીટ કરેલ ત્યારથી બોગસ ડુપ્લીકેટ માલ સામાન લગાડેલ કંપનીના કરાર મુજબ પંપમાં ફાલ્કન મોટરના બદલે હલકી કંપની મોટર ફીટ કરેલ હતી. તેથી મેં વિરોધ કરેલ કે પાણી ઓછું નીકળે છે. કંપની વાળાએ આશ્વાસન આપેલ કે કંપનીમાંથી ફાલ્કનની મોટર આવશે ત્યારે બદલી દેશું. હાલ રોડવવા પુરતુ ચલાવો.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ ત્યારબાદ, મેં મહુવા પીજીવીસીએલ રૂરલ–૧ માં ફરીયાદ કરેલ. કચેરીમાંથી કંપનીના ડીલર ભાવનગર જાણ કરેલ. કંપનીના કર્મચારી ફકત તપાસ કરીને જતા રહેલ. તેથી ભાવનગર અધિક્ષક ઈજનેર રાજકોટ કોર્પોરેટ કચેરી અને સરકારશ્રી ગાંધીનગર અનેક ફરીયાદ કરેલ છતાં મોટર બદલાવેલ નહી. આમને આમ કંપનીને પાંચ વર્ષ પૂરા થયેલ. તેથી મેં મહુવા રૂરલ–૧ માં જણાવેલ કે સોલાર ઉર્જા પંપ પાણી ધીમું આપે છે. મારે સોલાર નો ઉપયોગ કરવો નથી. મને નોર્મલ વારામાં એસ.પી.એ ખેતીવાડીનું વીજ કનેકશન આપો તો હાજર અધિકારીએ જણાવેલ કંપનીની ગેરંટી પૂરી થાય પછી પાંચ વર્ષ બાદ નવું એ–વન ફોર્મ ભરી દેજો કંપનીની ગેરંટી પૂરી થયા બાદ મેં રૂા.૨૩૬/– રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં ભરેલ છે. ક્રમ પ્રમાણે વારો આવવાથી મહુવા રૂરલમાંથી કર્મચારી સર્વે મોજણી કરવા આવેલ ત્યારે સોલાર ઉર્જા પંપ જોઈને રીપોર્ટ કરેલ કે એક કનેકશન ચાલુ છે. કચેરી દ્વારા તા.૦૫/૦૮/૨૦૨૩ પત્ર નં–૩૭૮૮ થી મોકલી વીજ કનેકશનની કાર્યવાહી અટકાવેલ છે. સોલાર સેટલ પંપ લગાડેલ ત્યારથી ફોલ્ટમાં છે. પાણી નીકળતું નથી. મહુવા પંથકમાં અનેક ગ્રાહકો સાથે સોલારવાળાએ બોગસે માલસામાન લગાડી છેતરપીંડી કરેલ. તેથી સરકારશ્રીમાં ફરીયાદ કરવાથી સરકારશ્રીએ સોલાર સેટલ પંપ અને સોલાર ઉર્જા હોમલાઈટની સ્કીમ બંધ કરેલ હતી. મહુવા ગ્રામ્ય વિસ્તારમાંથી અનેક ફરીયાદ ગાંધીનગર કરેલ હતી સાથે આધાર પુરાવા થોડાક જોડેલ છે. મુદત આપશો ત્યારે આધાર પુરાવા રજુ કરીશ તો મારૂં ખેતીવાડીનું વીજ કનેકશન મંજુર કરવા હુકમ કરવા વિનંતી છે.

<u>**પ્રતિવાદીશ્રીની રજુઆત**</u> **:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની કચેરીએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર તરફથી કાળેલા ગામના અરજદારશ્રી રાઘવભાઈ બચુભાઈ સોલંકીની રજૂઆત મળેલ. જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે,

૨.૨ શ્રી વિપુલભાઈ ધીરૂભાઈ સોલંકી દ્વારા મહુવા તાલુકાના કાળેલા ગામે ૭.૫ એચ.પી નું રાજય સરકારશ્રીની યોજના સોર ઉર્જા સંચાલીત પંપ સેટ ઉપલબ્ધ કરાવવાની યોજના હેઠળ સૌર ઉર્જા સંચાલીત પંપ માટેના જોડાણ માટે કાળેલા ગામે સર્વે નંબર–૨૧૩ પૈકી ૫ માટે તા.૨૬/૦૨/૨૦૧૮ ના રોજ અંદાજપત્રના નાણાં ભરપાઈ કરેલ અને તેના અનુસંધાને સોલાર વોટર પંપ મેળવી તા.૨૩/૦૫/૨૦ ૧૮ ના રોજ નિયમાનુસાર ત્રિપક્ષીય કરાર કરેલ.

૨.૩ સદર કરારમાં દર્શાવેલ શરતો મુજબની શરત નં–૧૮ મુજબ તેમજ પરિપત્ર નં– GUVNL/TECH/ AKF/SOLAR/2033 dtd.09.12.2014 ની શરત નં–૧૪ મુજબ, સૌર ઉર્જા પંપ સેટના સ્થાપન બાદ જો લાભાર્થી/અરજદાર ખેડૂત પાંચ વર્ષમાં પોતાની જમીનનું વેચાણ કરે તો તેણે સબસીડી રકમ સંબંધિત વીજ વીતરણ કંપની/પ્રથમ પક્ષકારને પરત કરવાની રહેશે. અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ –૧ કચેરી તા. ૦૬/૦૪/૨૦૨૩ ના રોજ શ્રી રાઘવભાઈ બચુભાઈ સોલંકી દ્વારા સર્વે ન – ૨૧૩ પૈકી ૫ માટે નવા વીજ જોડાણની માંગણી કરેલ અને સદર અરજી સાથે જોડેલ ૬ હકકપત્રક (નંબર–૩૦૬૦ તા.૨૩/૦૯/૨૦૨૧) મુજબ શ્રી વીપુલભાઈ ધીરૂભાઈ સોલંકી તેમજ અન્ય ભાગીદારો દ્વારા તા.૦૬/૦૭/૨૦૨૧ ના રોજ સદર સર્વે નં–૨૧૩ પૈકી ૫ વાળી જમીન માધાભાઈ હીરાભાઈ (સુધારો– રાઘવભાઈ બચુભાઈ સોલંકી) ને વેચાણથી આપેલ છે.

૨.૪ આમ શ્રી વિપુલભાઈ ધીરૂભાઈ સોલંકી દ્વારા એમની જમીન એમના દ્વારા કરેલ ત્રિપક્ષીય કરારની તારીખથી પાંચ વર્ષની અંદર એમની જમીન વેચાણ કરેલ હોય ત્રિપક્ષીય કરારની શરતો મુજબની શરત નં–૧૮ તેમજ પરિપત્ર નં– GUVNL/TECH/AKF/SOLAR/2033 dtd.09.12.2014 ની શરત નં–૧૪ મુજબ, તેમના દ્વારા સબસીડીની રકમ વીજ વીતરણ કંપની/પ્રથમ પક્ષકારને પરત કરવાની હોય છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૫ જેના અનુસંધાને અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ દ્વારા MHV/TECH/R1/135 dtd.08.01 2024 ની થી શ્રી વીપુલભાઈ ધીરૂભાઈ સોલંકીને સદર બાબતે જાણ કરેલ છે. આમ, રાઘવભાઈ બચુભાઈ સોલંકીને અત્રેની કચેરી દ્વારા સોલાર વોટર પંપ સંબંધિત જોડાણ આપવામાં આવેલ નથી.

૨.૬ વધુમાં જણાવવાનું કે, રાઘવભાઈ બચુભાઈ સોલંકી દ્વારા કરેલ સોલાર વોટર પંપ બાબતે કરેલ રજુઆતના અનુસંધાને વિભાગીય કચેરી દ્વારા તેમની રજૂઆતના નિરાકરણ બાબતે પત્ર નં–એમએચવીડી/ટેક–૨/૨૬૪૫ તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ જાણ કરેલ છે. તેમજ ત્યારબાદ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ દ્વારા સંદર્ભ પત્ર નં–એમએચવી/આર–૧/૧૩૩૮ તા.૧૬/૦૨/૨૦૨૧ થી જાણ કરેલ છે.

૨.૭ આમ શ્રી વિપુલભાઈ ધીરૂભાઈ સોલંકી દ્વારા એમની જમીન એમના દ્વારા કરેલ ત્રિપક્ષીય કરારની તારીખથી પાંચ વર્ષની અંદર એમની જમીન વેચાણ કરેલ હોય ત્રિપક્ષીય કરારની શરતો મુજબની શરત નં–૧૮ તેમજ પરિપત્ર નં– GUVNL/TECH/AKF/SOLAR/2033 dtd.09.12.2014 ની શરત નં–૧૪ મુજબ તેમના દ્વારા સબસીડીની રકમ વીજ વીતરણ કંપની/પ્રથમ પક્ષકારને પરત કરવાની હોય છે. તે મુજબ સબસીડી જમા થયે સદર કાલેલા ગામની સર્વે નંબર–૨૧૩ પૈકી ૫ વાળી જમીન પર યોગ્ય મંજુરી તેમજ માર્ગદર્શન લઈ એ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

૨.૮ આમ, મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા રાઘવભાઈ બચુભાઈ સોલંકી ગામ–કાળેલા દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૩ ના રોજ કરેલ ખેતીવાડી નવા વિજ જોડાણની અરજી બાબતે સ્થળ પર સોલાર વોટર પંપ સંચાલીત જોડાણ હયાત હોઈ તેમની અરજી દફતરે કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી સોલંકી રાઘવભાઈ બચુભાઈ, મું.ગામ–કાળેલા, તા.મહુવા ખાતે સર્વે નં–૨૧૩ પૈકી ૫ વાળી જમીન શ્રી વીપુલભાઈ ધીરૂભાઈ સોલંકી પાસેથી તા.૦૬/૦૭/૨૦૨૧ થી ખરીદેલ છે. જેમાં રહેલ ૭.૫ એચ.પી નું સોલાર સંચાલીત વીજ જોડાણને ૫ વર્ષ થવા છતાં પ્રતિવાદી પીજીવીસીએલ એ નવું પરંપરાગત વીજ કનેકશન આપવા સબસીડીની રકમ જમા કરવાને જણાવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૧૧/૦૧/૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ. જેમાં બંને પક્ષકારો એ હાજર રહી પોતાનો પક્ષ રજૂ કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગતો મુજબ વાદી દ્વારા તા.૦૬/૦૭/૨૦૨૧ વાળી જગ્યા પરનું સૌર સંચાલીત વીજ જોડાણ શ્રી વીપુલભાઈ ધીરૂભાઈ સોલંકી ના નામનું છે. જે વર્ષ–૨૦૧૮ માં અપાયેલ છે. તેમજ તેનો ત્રિપક્ષીય કરાર તા.૨૩/૦૫/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ છે. જે કરાર ની શરત નં–૧૮ નીચે મુજબ છે.

'' સૌર ઉર્જા પંપ સેટના સ્થાપન બાદ જો લાભાર્થી/અરજદાર ખેડૂત પાંચ વર્ષમાં પોતાની જમીનનું વેચાણ કરે તો તેણે સબસીડી રકમ સંબંધિત વીજ વીતરણ કંપની/પ્રથમ પક્ષકારને પરત કરવાની રહેશે.''

૩.૪ આ કેસના વાદીની નવા એસ.પી.એ મુજબના ખેતીની માંગણી કરતી અરજી સામે પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત શરત મુજબ ૫ વર્ષ પૂર્ણ થયા પહેલા જમીનનું વેચાણ થયેલ હોય તો તેઓએ મેળવેલ સબસીડી વીજ વીતરણ કંપની/પ્રથમ પક્ષકારને પરત કરવા પત્ર નં–૧૩૫ તા.૦૮/૦૧/૨૦૨૪ થી જાણ પણ કરેલ છે. પરંતુ, અરજદારે તે રકમ જમા ન કરતા ફોરમને રજુઆત કરેલ છે. આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કામગીરી નિયમોનુસાર અને ત્રિપક્ષીય કરાર મુજબની છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૫ ઉપરોક્ત વિગતો પરથી ફોરમ એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે જો આ કેસના અરજદાર નવું પરંપરાગત વીજ જોડાણ મેળવવા ઈચ્છતા હોય તો તેમણે સબસીડીની રકમ જમા કરાવી નવેસરથી અરજી કરવાની રહે છે. અન્યથા, હાલની જગ્યાએ સૌર સંચાલીત કનેકશન અપાયેલ હોઈ, મોજુદ હોય તે જગ્યા પર નવું વીજ જોડાણ આપી શકાય નહી.

**–:: હુકમ ::**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

Jmehta

**(શ્રીમતી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– **૧૧/૦૧/૨૦૨૪.**